**ક્રિમીનલ પરચુ. અરજી ૬૭/૨૦૨૬ ના કામે આરોપીની બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૦ અન્વયેની જામીન અરજી નીચેનો હુકમ**

૧. અરજી વંચાણે લીધી.રેકર્ડ વંચાણે લીધુ.પક્ષકારોને સંભાળ્યા.

૨. આ કામના આરોપી–શંભુભાઈ જુગાભાઈ ડગીયા, રહે. જામવાળા, તા.ગીરગઢડા, જી. ગીરસોમનાથ વાળાઓને હાલની જામીન અરજી તેઓની ગીરગઢડા પો.સ્ટે.ના અધિકૃત અધિકારીએ પ્રોહી. ગુ.ર.નં.૧૧૧૮૬૦૦૧૨૬૦૩૭૬/૨૬ અન્વયે ધી બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એ)(ઈ),૮૧,૮૩,૯૮(૨)૧૧૬(બી) અનુંસંધાને અટકાયત કરેલ અને મજકુર આરોપીને આજરોજ રજુ કરતા કરેલ છે. આરોપી વતી તેઓના વિ.વ.શ્રી આર.આર.સોલંકી દવારા એવી રજુઆત કરેલ છે કે સદર કામમાં આરોપી પર ગુનાનુ તહોમત છે. આરોપીએ આવુ કોઈ ગુનાહિત કૃત્ય કરેલ નથી તેમજ તદ્દન નિર્દોષ છે. કયાંય નાસીભાગી જાય તેમ નથી. આરોપી પાસેથી કોઈ મુદામાલ વાહન કે દારૂ કબ્જે થયેલ નથી. મુદામાલ – દારૂ કારમાથી મળી આવેલ છે જે આરોપીની માલિકીની હોવા અંગેનો કોઈ વિશ્વસનીય પુરાવો રજુ કરેલ નથી. પોલીસ દવારા અગાઉ ૧૪ ગુન્હાઓ નોંધાયેલાનુ દર્શાવવામા આવેલ છે પરંતુ તેમાથી મોટા ભાગના ગુન્હાઓમા ટ્રાયલ પુર્ણ થઈ ગયેલ છે અને અદાલત દવારા નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવેલ છે. વધુમાં આ કામાના મુખ્ય આરોપીને નામદાર અદાલત દવારા ફો.પ.અ.નં. ૫૬/૨૬ ના કામે તારીખ : ૨૬.૦૫.૨૦૨૬ ના રોજ રૂપિયા ૨૫,૦૦૦/– પુરાના જામીન ઉપર મુકત કરેલ હોય જેથી અમો આરોપીને પેરીટીના ગ્રાઉન્ડ ઉપર જામીન મુકત કરવા હુકમ કરવા અરજ છે. આરોપી કુટુંબના એકમાત્ર આધાર છે અને કુટુંબકબીલા વાળા માણસ છે તે સંજોગોમાં અમો હાલના આરોપીને પણ જામીનમુકત કરવા નમ્ર અરજ છે. આમ, અમો હાલની અરજીના આરોપીને પણ સદર તમામ હકિકતો ધ્યાને લઈ જામીનમુકત કરવા અરજ છે. આરોપી કોર્ટ ફરમાવે તેટલી રકમના જામીન આપવા તૈયાર છે. કોર્ટ ફરમાવે તેવી શરતોનુ પાલન કરવા તૈયાર છે. જેથી આરોપીને જામીન મુકત કરવા અરજ ગુજારેલ છે.

૩. ઉપરોકત તમામ હકીકત અને સંજોગો તથા રજુઆતો અને રેકર્ડ ધ્યાને લેતા, હાલના કામે આ ગુન્હામાં આરોપીનુ એફ.આઈ.આર.મા નામ–સરનામુ છે તથા આ કામના અન્ય પકડાયેલ આરોપી નં.૧ નાએ તથા હાલના આરોપીએ ગે.કા. પાસ–પરમીટ વગર પોતાના કબ્જા–ભોગવટાની સીલ્વર કલરની મારૂતી સુઝુકી કંપનીની અલ્ટો કે ૧૦ કાર રજી.નં. જીજે–૦૫–સીપી–૯૨૩૧ જેની કિંમત રૂપિયા ૫૦,૦૦૦/– વાળીમા ત્રણ પ્લા.ના બાચકામા ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની અલગ–અલગ બ્રાન્ડની શીલબંધ બોટલો નંગ–૧૪૪ જેની

કિંમત રૂપિયા ૧,૦૪,૦૦૦/– ના પ્રોહી. મુદામાલ તથા એક મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૩,૦૦૦/– મળી કુલ કિંમત રૂપિયા ૧,૫૭,૪૦૦/– ના મુદામાલ સાથે હેરાફેરી કરી એકબીજાની મદદગારી કરી આરોપી નં.૧ ના જે–તે સમયે પકડાયેલ જયારે અન્ય આરોપીઓ એટલે કે, હાલની અરજીના આરોપી પણ નાસી જઈ ગુન્હો આચરેલ હોવાની ફરીયાદ છે. આમ, ઉપરોકત તમામ સંજોગો ધ્યાને લેતાં હાલની અરજીના આરોપી ઉપર સદર ગુન્હાની ફરીયાદ થવા પામી છે. આમ, ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં અને કડક બંદોબસ્ત હોવા છતા હાલના કામે દારૂનો મોટો જથ્થો મળી આવેલ છે તથા હાલના આરોપી ગુનાના કામે સંડોવાયેલ હોવાનુ પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે છે, તથા હાલના આરોપી વિરૂઘ્ધ અન્ય ગુન્હાઓ પણ નોંધાયેલ હોવાનુ પણ ત.ક.અ.શ્રી દવારા પ્રોડકશન સાથેના કાગળોમાં જણાવવામાં આવેલ છે, જે અતિ ગંભીર બાબત છે. આવા પ્રકારના કેસોના પરીણામો વ્યકિતલક્ષી રહેતા નથી, પરંતુ સમાજના વિશાળ વર્ગને અસર કરે છે. આમ વ્યકિતગત સ્વતંત્રતા સામે સમાજમાં કાયદાનુ શાસન જળવાઈ રહે તે પણ અગત્યનું છે. વધુમાં આરોપીપક્ષે કરવામા આવેલ પેરીટીના સિઘ્ધાંતની રજુઆત ઘ્યાને લઈ આરોપીને જામીન મુકત કરવા અરજ કરેલ છે જે સંદર્ભે **<u>Preeti Bhati V/s. Republic of India 2015(61) Orissa Cri. Reports 131</u>** ના ચુકાદામા પ્રસ્થાપિત સિઘ્ધાંત માનસહ વંચાણે લેતા તે અનુસાર " parity cannot be the sole ground for grant of bail. It is one of the grounds for consideration of the question of bail. There is no absolute hidebound rule that bail must necessarily be granted to the co-accused, where another co-accused has been granted bail. If on careful scrutiny in a given case, it transpires that the case of the applicant before the Court is identically similar to the accused on facts and circumstances who has been bailed out, then the desirability of consistency will require that such an accused should also be released on bail. A judge is not bound to grant bail to an accused on the ground of parity even where the order granting bail to an identically placed co-accused contains no cogent reasons or if the same has been passed in flagrant violation of well settled principle of law and ignores to take into consideration the relevant facts essesntial for granting bail. Such an order can never from the basis for a claim of parity. It will be open to the Judge to reject the bail application of the applicant before him as no Judge is obliged to pass order against his conscience merely to maintain consistency. The grant of bail is

not a mechanical act. Merely because some of the co-accused, whom similar role has been ascribed, has been released on bail earlier and State has not moved higher Court against the order in question for cancellation, the power of the Court cannot be fettered to act against conscience." સદર ચુકાદામા પ્રસ્થાપિત સિધ્ધાંત તથા હાલના ગુન્હા સિવાય પણ આરોપીએ અનેક અલગ–અલગ પ્રકારના ગુન્હાઓ આચરેલ હોવાનુ પ્રથમદર્શનીય જણાઈ આવેલ છે આ સંજોગોમાં ગુનાની ગંભીરતા ધ્યાને લેતા અને કેસની હકીકતો તથા સંજોગો ધ્યાને તથા સજાની જોગવાઈ તથા સુધારેલ કાયદા પાછળ વિધાનમંડળનો હેતુ તથા જામીનને અસર કરતા અન્ય પરીબળો ધ્યાને લઈ મુજબની વિવેકાધિન સત્તા વાપરવાને પાત્ર કેસ નહી હોવાના તારણ ઉપર અત્રેની અદાલત આવેલ છે.

**૪.** આમ, હાથ પરના કેસના સંજોગો તથા સદર ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લ ેતાં આ કામના હાલની અરજીના આરોપી વિરૂધ્ધ અન્ય અનેક ગુન્હાઓ નોંધાયેલ હોય તથા હાલનો આરોપી હેબીચ્યુઅલ હોય તે સંજોગોમા તથા હાલના આરોપીએ માલ એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોચાડવામા સક્રિય ભાગ ભજવેલ હોય અને આમ આ કામે આરોપીનો ગુન્હામા રોલ તથા જો તેઓને જામીનમુકત કરવામાં આવે તો ફરી થી આ પ્રકારનો ગુન્હો આચરે તેવી શકયતા જણાતી હોઈ તે સંજોગોમા તથા હાલના કામે કબ્જે કરવામાં આવેલ દારૂનો જથ્થો વિગેરે ધ્યાને લેતાં ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>આખરી હુકમ</u>**

ગીરગઢડા પોલીસ સ્ટેશન પ્રોહીબીશન ગુના રજીસ્ટર નં.૧૧૧૮૬૦૦૧ ૨૬૦૩૭૬/૨૬ ના કામે આરોપી–શંભુભાઈ જુગાભાઈ ડગીયા, રહે. જામવાળા ગામ, કાદા વિસ્તાર, તા.ગીર ગઢડા, જી. ગીર સોમનાથવાળાની હાલની જામીન અરજી **<u>ના–મંજુર યાને કે રદ</u>** કરવાનો હુકમ કરવામાં આવે છે.

ગીરગઢડા.
તા.૨૪.૦૬.૨૦૨૬

**(એચ.એમ.વૈશ્નવ)**
જયુડિ.મેજી.ફ.ક., ગીરગઢડા.